# કૃષિ મહાવિદ્યાલય–વ–કૃષિ પોલિટેકનિક, આકૃયુ, વસો કેમ્પસ ખાતે "જાતિ સમાનતા" અંગે કાર્યક્રમ યોજાયો

---

કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનિક, આકૃયુ, વસો ખાતે આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે. બી. કથીરિયાના માર્ગદર્શન હેઠળ તા. ૨૫/૦૮/૨૦૨૩ને શુક્રવારના રોજ સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમ્યાન "જાતિ સમાનતા" વિષય ઉપર વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રીમતી આશાબેન દલાલ, પ્રમુખ, મહિલા જાગૃતિ મંડળ, આણંદ દ્વારા વિદ્યાર્થીઓના જીવનમાં જાતિ સમાનતા વિષે સમજ આવે તે માટે વક્તવ્ય આપ્યું હતું ત્યારબાદ કોલેજના આચાર્ય, ડૉ. વી. પી. રામાણીએ ઉપરોક્ત વિષય ઉપર પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનિક, આકૃયુ, વસોના વિદ્યાર્થીઓએ અને સ્ટાફ મિત્રોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનુ સફળ સંચાલન ડૉ. બી. એ. જેઠવા દ્વારા કરવામાં આવ્યું હતું.

*************

**કાર્યક્રમની ઝાંખી**






POLYTECHNIC IN AGRICULTURE
ANAND AGRICULTURAL UNIVERSITY
NATIONAL SERVICE SCHEME